
॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

हरित्कौस्तुभव्याप्त वक्षोजदेशं महावैजयन्तीलसद् भूषणाङ्गम् ।
किरीटं गदाचक्रशंखाब्जधरन्तं भजे स्वामिनीवल्लभं द्वारकेशम् ॥

# "વ્રજ મોહે બિસરત નાહી" – વ્રજયાત્રા

''આવ્યાં શ્રીયમુનાજીનાં નોતરાંને મારે જાવું છે
વ્રજ પરદેશ રે રાજ કોઈ રોકો નહિ''





## અલૌકિક

# ચોર્યાસી કોસ વ્રજયાત્રા


## લીલી પરિક્રમા

## શ્રીમદ્ વલ્લભાચાર્યજી તૃતીય ગૃહ (પીઠ) - કાંકરોલી

**સંવત ૨૦૭૯ ને ભાદ્રપદ શુક્લ એકાદશી (ગુર્જર માસ પ્રમાણે) તા. ૨૫/૦૯/૨૦૨૩**
**સોમવાર થી તા. ૨૮/૧૦/૨૦૨૩ શનિવાર (આસો.શુક્લ-શરદ પૂર્ણિમા)**







**સર્વાધ્યક્ષ તથા આશીર્વાદ પ્રદાતા**

જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી તૃતીય ગૃહાધીશ (પીઠાધીશ)
પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)

**સંરક્ષક અને પ્રેરક**

તૃતીય ગૃહ કાંકરોલી યુવરાજ પરમ પૂજ્ય
ગોસ્વામી ૧૦૮ ડૉ. શ્રી વાગીશકુમારજી મહોદયશ્રી

**નિર્દેશક તથા સંયોજક**

પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વેદાંતકુમારજી મહોદયશ્રી
પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી સિદ્ધાંતકુમારજી મહોદયશ્રી

**મુખ્ય કાર્યાલય**

**શ્રી વ્રજદર્શન સમિતિ શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**

શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા – ૦૧, મો. 9265233533, (0265)-2435543
શ્રી દ્વારકાધીશ સુખધામ, એડી/૧, વસુંધરા સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા – ૧૯
મો. 8401424933, (0265)-2524344
E-mail: vrajdarshan2023@gmail.com

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

# વૈષ્ણવોને વ્રજયાત્રાની વધાઈ

શ્રીમદ્ આનંદકંદ નંદનંદન શ્રી કૃષ્ણચંદ્રની પાવન લીલાસ્થળી 'વ્રજ' એ આનંદ અને ઉત્સવનું ધામ છે. સારસ્વત કલ્પમાં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણનો ગોલોકધામમાંથી ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ થયો ત્યારે આપના સર્વ પરિકર શ્રી યમુનાજી, શ્રી ગિરિરાજજી, શ્રી સ્વામિનીજી વગેરે પણ અવતરિત થયેલ. આ પવિત્ર ભૂમિમાં વ્રજની ગોપાંગનાઓને પ્રભુએ રાસલીલા દ્વારા ભજનાનંદનું સર્વોત્કૃષ્ટ દાન કર્યુ છે. સર્વે ભગવદ્ સ્વરૂપોની ચરણરજથી વ્રજભૂમિ આચ્છાદિત થયેલ છે, જેની અલૌકિકતા આજે પણ ત્યાં વિદ્યમાન છે. આવી અલૌકિક વ્રજભૂમિમાં વિચરવાનું, ભગવાનના ચરણરેણુનો આસ્વાદ લેવાનું સૌભાગ્ય વિરલ વૈષ્ણવોને જ પ્રાપ્ત થાય છે.

નિકુંજનાયક શ્રી દ્વારકાધીશ પ્રભુના અસીમ અનુગ્રહથી નિ.લી.પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા તૃતીય ગૃહાધિપતિ પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)ના આશીર્વાદથી, પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયશ્રીની સાથે આપશ્રીના કૃપા પ્રસાદ રૂપ નિજ પરિકર તથા વ્રજદર્શનાભિલાષી વૈષ્ણવોને લઈ સંપૂર્ણ વ્રજયાત્રા-લીલી પરિક્રમાનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે.

કાંકરોલી યુવરાજ પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વાગીશકુમારજીના સર્વગ્રાહી આયોજન અને પ્રેરણાથી અને રાજકુમાર પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વેદાંતકુમારજી તેમજ પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી સિદ્ધાંતકુમારજીના નિર્દેશન સંયોજન હેઠળ આયોજીત આ વ્રજયાત્રામાં આપ બધાજ સમગ્ર યાત્રામાં વિશેષ રૂપે પધારશે.

યાત્રા દરમ્યાન આપશ્રીના નિજ સેવાના સેવ્ય સ્વરૂપ શ્રી..પ્રભુ સાથે બીરાજશે, અને વિવિધ સ્થળોની લીલાનુસાર મનોરથોના અલૌકિક આનંદની અનુભૂતિ કરાવશે.

ભગવદ્ લીલાનો અનુભવ કરાવવા 'રાસલીલા મંડલી' જે તે સ્થાનની લીલાઓ દ્વારા અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવશે.

આપશ્રી દ્વારા ઇ.સ. ૧૯૮૯ અને ઇ.સ. ૨૦૦૨માં વ્રજયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમણે આ અલૌકિક યાત્રાનો રસાસ્વાદ માણ્યો હતો તેઓ આજે પણ તે આનંદના સંસ્મરણોને વાગોળી ધન્યતા અનુભવે છે, અને ફરી એવો લ્હાવો ક્યારે મળશે તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. એવા વૈષ્ણવોની હૃદયપૂર્વકની ભાવનાઓને સંતુષ્ટ કરવા તથા વલ્લભીય વૈષ્ણવોની ભાવનાઓને પોષિત કરવા માટે વ્રજદર્શન સમિતિ દ્વારા આ લીલી પરિક્રમા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભક્ત વત્સલ પરમ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી એ વૈષ્ણવોના તાપ:કલેશનું નિવારણ કરાવવા માટે પૂજ્યપાદ ગોસ્વામી વાગીશકુમારજીને પુન: યાત્રા કરવાના આશીર્વાદ પ્રદાન કર્યા છે. તે આજ્ઞાના ફળસ્વરૂપ આ વ્રજયાત્રાનો નિર્ધાર કરવામાં આવેલ છે. તેમાં જોડાનાર પ્રત્યેક વૈષ્ણવ કમ સે કમ યાત્રા દરમિયાન જગતના પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદ્ રસાનુભૂતિ કરી શકે અને તેમને ચિત્તનો નિરોધ પ્રાપ્ત થાય તેમજ તેઓને સાત્વિકતા અને આધ્યાત્મિકતાનો અનુભવ થાય, વ્રજના વિવિધ તીર્થો થી પાવન થવાય, શ્રીકૃષ્ણની વિવિધ લીલાસ્થળી અને તેમની વિવિધ લીલાઓનો રસાસ્વાદ લઈ શકાય, શ્રીયમુના મહારાણીની એવં શ્રી ગિરિરાજ બાવાની કૃપા પ્રાપ્ત થઈ શકે એ હેતુથી તથા શ્રી દ્વારકાધીશ પ્રભુ તથા સપ્તસ્વરૂપોની લીલાસ્થળીમાં પોતાના નિજ ભક્તોને અહૈતુકી કૃપા પ્રાપ્ત કરાવવા માટે તૃતીય ગૃહ કાંકરોલી તિલકાયત તથા કાંકરોલી યુવરાજ દ્વારા વ્રજયાત્રા-લીલી પરિક્રમાનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને આ અદ્ભુત આયોજનમાં સહભાગી થઈ વ્રજ યાત્રા-લીલી પરિક્રમાનો લાભ પ્રાપ્ત કરી કૃતાર્થ થવા ભાવભીનું આમંત્રણ છે.

આ વ્રજયાત્રા-લીલી પરિક્રમા દરમ્યાન મુકામની વ્યવસ્થા પાલમાં રાખવામાં આવશે તથા પ્રતિદિન બેઠક ચરિત્રો તથા સ્થળ ચરિત્રનું અવગાહન પણ કરાવવામાં આવશે. પ્રભુના વિવિધ મનોરથો પણ પ્રતિદિન કરવામાં આવશે. વ્રજના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યથા સમયે કરવામાં આવશે.

મર્યાદિત સંખ્યામાં વૈષ્ણવો લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા હૃદય પૂર્વકનો આગ્રહ છે.

નિવેદક : શ્રી વ્રજદર્શન સમિતિ

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

## પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના જયેષ્ઠ આત્મજ પૂજ્ય શ્રી વાગીશકુમારજી, પૂજ્ય શ્રી વેદાંતકુમારજી તથા પૂજ્ય શ્રી સિદ્ધાંતકુમારજી આશિર્વાદ દ્વારા

## "અલૌકિક ચોર્યાસી કોસ વ્રજયાત્રા"

**સંવત ૨૦૭૯ ભાદ્ર પદ-૧૧ (ગુર્જર માસ પ્રમાણે) તા. ૨૫/૦૯/૨૦૨૩ થી આસો. શુક્લ-૧૫, ૨૮/૧૦/૨૦૨૩ નો કાર્યક્રમ**

| તારીખ/વાર/મિતિ | સ્થળ/દિવસ | કાર્યક્રમ | મનોરથ |
|---|---|---|---|
| ૨૫-૦૯-૨૦૨૩<br>સોમવાર<br>ભાદ્ર પદ શુ.-૧૧ | મથુરા | સવારે શ્રી મથુરા વિશ્રામ ઘાટ ઉપર વ્રજચોર્યાસી કોસ પરિક્રમાનો પૂજ્ય પાદ મહારાજશ્રી સમસ્ત વૈષ્ણવો સાથે નિયમ લેશે. સાંજે લાઈનદોરી પાલના વૈષ્ણવોને કીટ વિતરણ. | શ્રી યમુનાજીનું પૂજન તેમજ કુનવારો |
| ૨૬-૦૯-૨૦૨૩<br>મંગળવાર<br>ભાદ્ર પદ શુ.-૧૨ | મથુરા | શ્રી મથુરાજી ની અંતર્ગૃહી પરિક્રમા. વિશ્રામઘાટ પર શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ ઝારી-ચરણ સ્પર્શ. | શ્રી યમુનાજીનો ચુંદડી મનોરથ |
| ૨૭-૦૯-૨૦૨૩<br>બુધવાર<br>ભાદ્ર પદ શુ.-૧૩ | મધુવન | શિતલા કુણ્ડ, ધ્રુવનારદ મિલન સ્થળ, શ્રીમહાપ્રભુજીની બેઠકજી ઉપર તપેલી. ઝારી-ચરણ સ્પર્શ. | પનઘટનો મનોરથ |
| ૨૮-૦૯-૨૦૨૩<br>ગુરૂવાર<br>ભાદ્ર પદ શુ. -૧૪ | મધુવન | તાલવન, કુમુદવન શ્રીમહાપ્રભુજીની બેઠક પર ઝારી-ચરણસ્પર્શ તપેલી કરી મધુવન મુકામ પર પરત. | દાનનો મનોરથ |
| ૨૯-૦૯-૨૦૨૩<br>શુક્રવાર<br>ભાદ્ર પદ શુ.-૧૫ | શાન્તનકુંડ | શાન્તનકુંડ, શાન્તન બિહારીજીના દર્શન, મુકામ પર આપશ્રીની તપેલી. | દ્વાદશ નિકુંજનો મનોરથ |
| ૩૦-૦૯-૨૦૨૩<br>શનિવાર<br>ભાદ્ર કૃષ્ણ-૧ | બહુલાવન | શ્રીમહાપ્રભુજીના શ્રીબેઠકજી ઉપર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. | ગૌચારણનો મનોરથ |
| ૦૧-૧૦-૨૦૨૩<br>રવિવાર<br>ભાદ્ર કૃષ્ણ-૨ | જમુનાવતા/<br>ચંદ્ર સરોવર | રાધાકૃષ્ણકુંડ બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી, કુસુમ સરોવર થઈ જમુનાવતામાં કુંભનદાસજીની બેઠક પર દર્શન. | મહારાસનો મનોરથ |
| ૦૨-૧૦-૨૦૨૩<br>સોમવાર<br>ભાદ્ર કૃષ્ણ-૩ | જતીપુરા | ચંદ્ર સરોવર બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, આપશ્રીની તપેલી, એઠા પેઠા થઈને નારાયણ સરોવર થઈ શ્યામઢાક બેઠકજી થઈને ત્યારબાદ જતીપુરા મુકામ પર. | શ્રી ઠાકોરજીનો છાકનો મનોરથ |
| ૦૩-૧૦-૨૦૨૩<br>મંગળવાર<br>ભાદ્ર કૃષ્ણ-૫ | જતીપુરા | સવારે શ્રી ગિરિરાજજી પૂજન ત્યારબાદ મુકામ પર આપશ્રીની તપેલી, સાંજે ફૂલફાગનો મનોરથ. | શ્રી ગિરિરાજજીનું પૂજન. સાંજે ફૂલફાગનો મનોરથ. |
| ૦૪-૧૦-૨૦૨૩<br>બુધવાર<br>ભાદ્ર કૃષ્ણ-૬ | જતીપુરા | શ્રી મહાપ્રભુજીની બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, સુરભીકુંડ, મુકામ પર આપશ્રીની તપેલી, શ્રી ગિરિરાજજી પૂજન તેમ કુનવારાનો મનોરથ. | સવારે શ્રીગિરિરાજજી પૂજન. સાંજે શ્રીગિરિરાજજીનો કુનવારો |
| ૦૫-૧૦-૨૦૨૩<br>ગુરૂવાર<br>ભાદ્ર કૃષ્ણ-૭ | જતીપુરા | શ્રી જતીપુરા તીર્થ સ્થળ – (બિલછુ કુંડ પર દર્શન કરીને માનસી ગંગા ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, દાન ઘાટીમાં દાનનો મનોરથ) તેમજ ગોવિંદકુંડ પર શ્રી ગિરિરાજજીનું પૂજન, જાન અજાન વૃક્ષ જોઈને પાછા પાલ ઉપર આપશ્રીની તપેલી, શ્રીગિરિરાજજીની પરિક્રમા. | દાનઘાટીમાં દાનનો મનોરથ. શ્રીગિરિરાજજીનું પૂજન સાંજે ગોવિંદસ્વામીની કદમખંડીમાં ઝૂલાનો મનોરથ |
| ૦૬-૧૦-૨૦૨૩<br>શુક્રવાર<br>ભાદ્ર કૃષ્ણ-૭ | બહેજ/ડીગ | ટોડના ઘના થઈને ડીગ મુકામ. પાલ પર આપશ્રીની તપેલી. | શ્રી ઠાકોરજીનો સાંજીનો મનોરથ |
| ૦૭-૧૦-૨૦૨૩<br>શનિવાર<br>ભાદ્ર કૃષ્ણ-૮ | સેઉ/પરમંદરા | આદિ-બદ્રિ અલકગંગા થઈ સેઉ-પરમંદરા મુકામ ઉપર આપશ્રીની તપેલી. | શ્રી ઠાકોરજીનો ફુલની સાંજીનો મનોરથ |
| ૦૮-૧૦-૨૦૨૩<br>રવિવાર<br>ભાદ્ર કૃષ્ણ-૯ | કામવન | કાકા વલ્લભજીની બેઠક, શ્રી ગોકુલચંદ્રમાજીના દર્શન, શ્રીમદનમોહનજીના દર્શન કરીને ઘાટા-ઈન્દ્રોલી થઈને મુકામ પર આપશ્રીની તપેલી. | બંગલાનો મનોરથ |
| ૦૯-૧૦-૨૦૨૩<br>સોમવાર<br>ભાદ્ર કૃષ્ણ-૧૦ | કામવન | ચરણ પહાડી દર્શન કરીને, ભોજનથાળી દર્શન કરી, શ્રી કુંડ બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. | શ્રી ઠાકુરજીનો છાકનો મનોરથ |
| ૧૦-૧૦-૨૦૨૩<br>મંગળવાર<br>ભાદ્ર કૃષ્ણ-૧૧ | કામવન | શ્રી ગોકુલચંદ્રમાજી દર્શન, શ્રીમદનમોહનજી દર્શન, વિમલ કુંડ, અન્ય યાત્રાના દર્શનીય સ્થળ. | શ્રી ઠાકુરજીનો દાનનો મનોરથ |

| તારીખ/વાર/મિતિ | સ્થળ/દિવસ | કાર્યક્રમ | મનોરથ |
|---|---|---|---|
| ૧૧-૧૦-૨૦૨૩ બુધવાર ભાદ્ર કૃષ્ણ-૧૨ | બરસાના | સુનેહરાની કદમખંડી કાકા વલ્લભજીની બેઠકમાં દર્શન કરીને દેહકુંડમાં સ્નાન પાન કરીને મુકામ ઉપર આપશ્રીની તપેલી. | શ્યામ સગાઈનો મનોરથ |
| ૧૨-૧૦-૨૦૨૩ ગુરૂવાર ભાદ્ર કૃષ્ણ-૧૩ | બરસાના | સાંકરી ખોર, મોરકુટી, ગેહવરવન, માનગઢ શ્રીમહાપ્રભુજીની બૈઠકમાં ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. સાંકરીખોરનો દાનનો મનોરથ, પરત મુકામ પર સાંકરીખોરનો રાસનો મનોરથ. (બડે શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ – પ્રા. સં. ૧૬૦૬) | સાંકરીખોરમાં દાનનો મનોરથ<br>સાંકરીખોરનો રાસનો મનોરથ |
| ૧૩-૧૦-૨૦૨૩ શુક્રવાર ભાદ્ર કૃષ્ણ-૧૪ | બરસાના | કરહેલા શ્રી મહાપ્રભુજીની બેઠકમાં ઝારી-ચરણસ્પર્શ, તપેલી પાછા બરસાના સાંજે વિવાહનો મનોરથ. | વિવાહનો મનોરથ કન્યા પક્ષ<br>વિવાહનો મનોરથ વર પક્ષ |
| ૧૪-૧૦-૨૦૨૩ શનિવાર (ભાદ્ર કૃષ્ણ-૦)) | નંદગાંવ | પ્રેમ સરોવર, સંકેતવનમાં શ્રી મહાપ્રભુજીની બેઠકમાં ઝારી-ચરણસ્પર્શ. તપેલી કરીને રીઠોરા શ્રી ચંદ્રાવલીજીનાં દર્શન કરી મુકામ પર પરત. | મુકામ પર શ્રી ઠાકોરજીનો નંદ મહોત્સવ |
| ૧૫-૧૦-૨૦૨૩ રવિવાર આ. શુક્લ-૧ | નંદગાવ | ટેર કદમ શ્રીમહાપ્રભુજીની બેઠકજી ઉપર ઝારી, ચરણ સ્પર્શ, તપેલી, સાંજે નંદભવનમાં નંદ મહોત્સવ મનોરથ. | શ્રી નંદ મહેલમાં નંદ મહોત્સવ.<br>ટેર કદમનો મનોરથ. |
| ૧૬-૧૦-૨૦૨૩ સોમવાર આ. શુક્લ-૨ | નંદગાવ | ઉદ્ધવ ક્યારીનો રાસ, મુકામ પર તપેલી. | ઉદ્ધવ ક્યારી રાસ |
| ૧૭-૧૦-૨૦૨૩ મંગળવાર આ. શુક્લ-૩ | કોટવન | સવારે કોકિલાવન બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, આપશ્રીની તપેલી ત્યારબાદ ચરણગંગા રાસોલી, શ્રીગોકુલનાથજીના બેઠકજીએ દર્શન કરી પાંડવ ગંગા થઈ કોટવન મુકામ પર. | બગીચાનો મનોરથ |
| ૧૮-૧૦-૨૦૨૩ બુધવાર આ. શુક્લ-૪ | કોશી | કોટવનથી શેષશાઈ થઈ કોશી મુકામ પર. | પુષ્પ બંગલાનો મનોરથ |
| ૧૯-૧૦-૨૦૨૩ ગુરૂવાર આ. શુક્લ-૫ | શેરગઢ | પૈગાવમાં પાલ ઉપર આપશ્રીની તપેલી, લાલબાગ ખેલનવન થઈ શેરગઢ મુકામ પર. | કુંજનો મનોરથ |
| ૨૦-૧૦-૨૦૨૩ શુક્રવાર આ. શુક્લ-૬ | ચીરઘાટ | અક્ષયવટના દર્શન કરી શ્રી સ્વામિનીજી પ્રાગટ્ય સ્થળ ગુંજાવન, ચીરઘાટ પર શ્રીયમુનાજી પૂજન સ્નાન કરીને શ્રી ગુસાંઈજીની બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ. | ચીરહરણલીલાનો મનોરથ |
| ૨૧-૧૦-૨૦૨૩ શનિવાર આ. શુક્લ-૭ | બચ્છવન | બચ્છ બિહારીના દર્શન, શ્રી ગુંસાઈજીની બૈઠક પર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. | પુષ્પકુંજનો મનોરથ |
| ૨૨-૧૦-૨૦૨૩ રવિવાર આ. શુક્લ-૮ | વૃંદાવન | શ્યામવન, ભાંડિરવન, માટગાંવ, બેલવન શ્રી બેઠકજી ઉપર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી અને ખીચડી ખેલનો મનોરથ.<br>(નોંધ : નાવ દ્વારા અથવા વાહન દ્વારા વૈષ્ણોએ સ્વખર્ચે જવા-આવવાનું રહેશે) | બેલવન ખીચડી ખેલનો મનોરથ<br>ફૂલના હિંડોળાનો મનોરથ |
| ૨૩-૧૦-૨૦૨૩ સોમવાર આ. શુક્લ-૯ | વૃંદાવન | બંસીબટ, શ્રી બેઠકજી ઉપર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. | કુંજ તલાઈનો મનોરથ |
| ૨૪-૧૦-૨૦૨૩ મંગળવાર આ. શુક્લ-૧૦ | વૃંદાવન | ભંતરોડ બિહારીજીના દર્શન તથા યાત્રાના અન્ય દર્શનીય સ્થળ. | ભૂલ ભુલૈયાનો મનોરથ |
| ૨૫-૧૦-૨૦૨૩ બુધવાર આ. શુક્લ-૧૧ | લોહવન | માનસરોવર શ્રી મહાપ્રભુજીની બેઠકજી ઉપર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી કરીને મુકામ પર. | શ્રી યમુના પુલીનનો મનોરથ |
| ૨૬-૧૦-૨૦૨૩ ગુરૂવાર આ. શુક્લ-૧૨ | ગોકુલ | શ્રી દાઉજીના દર્શન, ચિંતાહરણ, બ્રહ્માંડ ઘાટ, રમણરેતી, વલ્લભઘાટ થઈ ગોકુલ શ્રીમહાપ્રભુજીના બેઠકજી ઝારી-ચરણ સ્પર્શ, તપેલી. | શ્રી દાઉજીનો હાંડો, શ્રી ઠકરાણી ઘાટ ઉપર શ્રી યમુનાજીનું પૂજન અને શ્રી યમુનાજીનો કુનવારો. |
| ૨૭-૧૦-૨૦૨૩ શુક્રવાર આ. શુક્લ-૧૩-૧૪ | ગોકુલ | બડી બેઠકજી પર ઝારી-ચરણ સ્પર્શ, તપેલી.<br>સ્નેહ મિલન સમારોહ. | બંગલાનો મનોરથ |
| ૨૮-૧૦-૨૦૨૩ શનિવાર આ. શુક્લ-૧૫ | મથુરા | રાવલ થઈ મથુરા મુકામે પરિક્રમા નિયમ વિસર્જન-યાત્રા વિજય-શુભમ | શ્રીરાજાધિરાજમાં શરદપૂર્ણિમા મહારાસ |

**શ્રી રાજાધિરાજ શ્રીદ્વારકાધીશ પ્રભુનો છપ્પનભોગ મહામહોત્સવ મથુરા**
**તા.૨૯/૧૦/૨૦૨૩ રવિવાર, (આસો-કૃષ્ણ-૧)ના રોજ**

# શ્રી વ્રજયાત્રામાં લાઈનદોરીની વ્યવસ્થા

વલ્લભીય વૈષ્ણવો દ્વારા શ્રી વ્રજદર્શન સમિતિ આયોજીત શ્રી વ્રજ ચોર્યાસી કોસની યાત્રા (લીલી પરિક્રમા)માં વ્રજયાત્રીઓ માટે ત્રણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. તો દરેક વૈષ્ણવોને તેમની ઇચ્છા એવમ્ અનુકૂળતા મુજબ વહેલા તે પહેલાના ધોરણે તેઓના નામ પત્રિકામાં આપેલા સંપર્ક સૂત્રો પાસે નોંધાવવા વિનંતી. તો આવો હરિ–ગુરૂ–વૈષ્ણવના ત્રિવેણી સંગમમાં પ્રભુની લીલાસ્થળીએ જઇ જીવનને ધન્ય બનાવીએ.

<table>
<tr><th>ક્રમાંક</th><th>વ્યવસ્થા</th><th>વિગત</th></tr>
<tr><td>૧.</td><td>૪ વ્યક્તિ–પાલ<br>સહયોગ ન્યોછાવર<br>૬૪,૦૦૦/–<br>પ્રતિ યાત્રી</td><td rowspan="2">ડબલપ્લાય લાઈનદોરીના પાલ, પાલદીઠ લાઈટ, પંખા–૨, મોબાઈલ ચાર્જીંગ પોઈન્ટ–૧, સામાન રાખવા માટે ૨ પટ્ટા, સવારે ન્હાવા માટે ગરમ પાણી + નાનો પટ્ટો, સ્નાન માટે બાલ્ટી, નાની બાલ્ટી, ટમ્બલર, વેર્સ્ટન કમોડ ખુરશી છીવા માટે, બાથરૂમ, શેતરંજી, ટેબલ, ખુરશી–૪, પાલ દિઠ પીવાનું મીનરલ પાણી (૧–જગ), કપડા ધોવા માટે પાણી, વ્યક્તિ દીઠ પલંગ, ગાદલા, ઓશીકા, બ્લેન્કેટ, ચાદર–ઓશીકાના કવર (૨–સેટ), પાલ પરથી સામાન લાવવા લઈ જવાની વ્યવસ્થા, ૨–પાલ પર ૧ વ્યક્તિ સર્વિસ માટે રહેશે. યાત્રીને સવારે ચા–કોફી, યાત્રામાંથી પરત આવતા છાશ/શરબત,બપોરનું ભોજન, સાંજે ચા–કોફી, રાત્રીનું હળવું ભોજન.</td></tr>
<tr><td>૨.</td><td>૬ વ્યક્તિ–પાલ<br>સહયોગ ન્યોછાવર<br>૫૪,૦૦૦/–<br>પ્રતિ યાત્રી</td></tr>
<tr><td>૩.</td><td>૨ વ્યક્તિ<br>ગેસ્ટ હાઉસ<br>(એ.સી.)<br>૪ વ્યક્તિ<br>કાર/પાલ સાથે</td><td>એસી રૂમ (૨ વ્યક્તિ),એટેચ ગીઝર બાથરૂમ/ગેસ્ટહાઉસ મુકામની વ્યવસ્થા તદ્ઉપરાંત મહારાજશ્રી ની લાઈનદોરીના પાલની વ્યવસ્થા, (ઉપરોક્ત પાલની તમામ તથા વન ભોજન સાથેની વ્યવસ્થા રહેશે.),એસી ગાડી વ્યવસ્થા, ગેસ્ટ હાઉસથી વ્રજપરિક્રમા (નિયત સ્થળ પ્રમાણે) કરીને પાલ ઉપર આવવા જવા સાથે. રૂમ પર સવારે ચા–કોફી, યાત્રી દિઠ રોજ મીનરલ વોટરની બોટલ નંગ–૧.</td></tr>
</table>

**નોંધ :** –

કોઈપણ પાર્કિંગમાં ઉભી રાખેલી ગાડીમાં એ.સી. ચાલુ રાખવામાં આવશે નહિ. ગાડી આવવા જવાની વ્યવસ્થા સમિતિ નિયમોનુસાર રહેશે.

**વિશેષ નોંધઃ ઉપરોક્ત સવલતોની વ્યવસ્થા ઈચ્છુક વ્રજયાત્રી માટે વ્રજદર્શન સમિતિ દ્વારા કરવામાં આવશે. (કાર્યાલયનો સંપર્ક કરવો.)**

**નોંધ :** પાલ દિઠ મીનરલ વોટર જગ નંગ–૧ આપવામાં આવશે. ચાદર, ઓશીકા કવરનો સેટ મળશે અને જે યાત્રીઓએ સ્વખર્ચે સફાઇ કરાવવાના રહેશે.

## વ્રજયાત્રામાં રજીસ્ટ્રેશન કરાવવા માટે તેમજ સહયોગી થવા માટે નીચે દર્શાવેલ કાર્યાલયનો સંપર્ક કરવો.


**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી બેઠક મંદિર**
કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧
ફોન : 0265/2435543.
મો.9265233533

**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી દ્વારકાધીશ સુખધામ**
એડી/૧,વસુંધરા સોસાયટી,ઉમાચાર રસ્તા,
વાઘોડિયા રોડ,વડોદરા–૧૯. મો.8401424933
ફોન : 0265/2524452,2524344.

**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી દ્વારકાધીશ મંદિર**
બઉઆની પોળ, રાયપુર ચકલા,
અમદાવાદ–૩૮૦૦૦૧
ફોન : 079/22141537. મો.7990642300

**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી દ્વારકાધીશ બેઠક મંદિર**
શ્રી વલ્લભાચાર્યજી માર્ગ, મોટા તળાવ પાસે,
આણંદ–૩૮૮૦૦૧
ફોન : 02692/250712. મો.9824028438

**E-mail: vrajdarshan2023@gmail.com**


**અગત્યની નોંધ :** યાત્રા દરમ્યાન સંજોગોને આધિન રહીને યાત્રા સમિતિ દ્વારા રૂપરેખામાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવે તે સર્વને માન્ય કરવાનો રહેશે. યાત્રા સમિતિને સંપૂર્ણ સાથ સહકાર આપવો. આપશ્રીની આજ્ઞા સર્વોપરી રહેશે.

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

# શ્રી વ્રજયાત્રામાં લાઈનદોરીના વૈષ્ણવો માટે આવશ્યક સૂચનાઓ

૧. અલૌકિક વ્રજયાત્રાનો નિયમ ભાદ્રપદ શુક્લ એકાદશી તા. ૨૫/૦૯/૨૦૨૩ સોમવારના રોજ મથુરા શ્રી યમુનાજીના કિનારે લેવામાં આવશે. દરેક વૈષ્ણવે તે પહેલાં મથુરા કાર્યાલય પર પોતાના થયેલ રજીસ્ટ્રેશનનું કન્ફર્મેશન કરાવવું. મથુરામાં મુકામની તેમજ પોતાની તમામ વ્યવસ્થા વૈષ્ણવોએ જાતે કરવાની રહેશે. મથુરામાં તા. ૨૬/૦૯/૨૦૨૩ ના રોજ સમિતિએ આપેલ સ્થળ તેમજ સમય પર લાઇનદોરીના વૈષ્ણવોઓએ પોતાનો સામાન જમા કરાવવાનો રહેશે.(સ્થળ અને સમયની જાણ મથુરા કાર્યાલય પરથી કરવામાં આવશે.) લીલીપરિક્રમા તા. ૨૮/૧૦/૨૦૨૩ ના રોજ મથુરામાં શ્રીયમુનાજીના કિનારે નિયમ છોડીને વિજય થશે.શુભમ

૨. વ્રજયાત્રામાં લાઇનદોરીના પાલની મુકામની વ્યવસ્થા મધુવનથી ગોકુલ સુધીની રહેશે. યાત્રીએ મથુરા સુધી પહોંચવા તથા મથુરાથી વતન પરત જવાની તેમજ અન્ય વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.

૩. વ્રજયાત્રામાં આચાર્યશ્રીની લાઈનદોરીમાં મર્યાદિત પાલ હોવાથી જે વૈષ્ણવોએ વ્રજયાત્રામાં સહભાગી થવું હોય તેઓએ વેળાસર એડવાન્સમાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવી નામ નોંધાવી લેવું. પાલમાં સાથે રહેવા ઇચ્છનાર વૈષ્ણવોએ ગ્રુપ રજીસ્ટ્રેશન કરાવી લેવું. જેથી સહયાત્રીઓને સાથે રાખવાની સમિતિને સુગમતા રહે. રજીસ્ટ્રેશન કરાવનાર વૈષ્ણવોએ સમિતિએ ફાળવેલ પાલ તેમજ સહયાત્રીને સ્વીકૃત કરવાના રહેશે. પાલના નંબર સમિતિ નિર્ધારિત કરે એજ નંબર યાત્રીઓને માન્ય રાખવાના રહેશે.

૪. વ્રજયાત્રામાં લાઇનદોરીના પાલમાં રજીસ્ટ્રેશન કરાવનાર વ્રજયાત્રીએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ,આઈ.ડી. પ્રૂફ (આધારકાર્ડની નકલ) તેમજ કોરોનાની રસી લીધાનું અંતિમ પ્રમાણપત્રની ઝેરોક્ષ રજીસ્ટ્રેશન વખતે કાર્યાલયમાં અવશ્ય જમા કરાવવાની રહેશે. શ્રી વ્રજદર્શન સમિતિ દ્વારા યાત્રીને આપવામાં આવનાર ઓળખપત્ર (યાત્રી બેઝ) સમગ્ર યાત્રા દરમ્યાન પહેરી રાખવો ફરજિયાત રહેશે.

૫. વ્રજયાત્રામાં દરેક વૈષ્ણવે પોતાની સાથે મર્યાદિત સામાન લાવવાનો રહેશે. (લોખંડની પેટી, તાળું, વોટરબેગ, ગ્લાસ જરૂરિયાત મુજબ થેલો, પ્લાસ્ટીકની દોરી, અપરસ માટે ધોતી-બંડી (રેશમી વસ્ત્રો), ટોર્ચ (બેટરી) તેમજ પોતાના આરોગ્ય લક્ષી જરૂરી દવાઓ,ડોકટરનું પ્રિસ્ક્રીપશન-જરૂરી રીપોર્ટ અવશ્ય પોતાની સાથે રાખવા.)
નોંધ: વ્રજયાત્રામાં યાત્રીઓએ જોખમી અને કિંમતી સામાન સાથે ન રાખવો. કિંમતી સામાનની તમામ જવાબદારી યાત્રીની સ્વયંની રહેશે. કોઇપણ બાબતે શ્રી વ્રજદર્શન સમિતિ જવાબદાર રહેશે નહિ. જેની વિશેષ નોંધ લેવી.

૬. લાઈનદોરીના વ્રજયાત્રીઓને જણાવવાનું કે આપ શ્રી વ્રજદર્શન સમિતિ દ્વારા નિર્ધારિત યાત્રામાં જોડાયેલ છો. આપને સમિતિ દ્વારા નક્કી કરેલ વ્યવસ્થાઓ આપવામાં આવશે. પરંતુ કોઇ કારણસર આપણાં સગા-સંબંધી, મિત્ર, સ્વજન કે ઓળખીતા જેઓ લાઇનદોરીમાં સંબંધિત વ્યવસ્થાઓ સાથે જોડાયેલા નથી તેઓને સમિતિ દ્વારા નિર્ધારિત વ્યવસ્થાઓનો લાભ મળી શકશે નહિ. જેનો આગ્રહ નિયમ વિરૂદ્ધ રહેશે.

૭. જે વૈષ્ણવો લાઇનદોરી પાલમાં શ્રી ઠાકોરજીને પધરાવીને આવેલ હોય તેમના ઠાકોરજી માટે ફક્ત ભોગની વ્યવસ્થા આપશ્રીની આજ્ઞાનુસાર સમિતિ દ્વારા કરવામાં આવશે.(નિયમાનુસાર)

૮. લાઇનદોરી પાલનાં જે વૈષ્ણવોને વાહન દ્વારા વ્રજયાત્રા કરવી હશે તો વાહન વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે. સમિતિ દ્વારા આ પ્રકારની કોઇ વ્યવસ્થા આપવામાં આવશે નહિ. (અલગ થી વાહન વ્યવસ્થા માટેની કોઇ વ્યવસ્થાની અપેક્ષા હોય તો સમિતિનો સંપર્ક અગાઉથી કરવો જેથી જે તે કોન્ટ્રાકટર ને તમારી સાથે સીધી વાત કરાવવામાં સરળતા રહી શકે. જેથી યાત્રીને સુચારૂ વ્યવસ્થા મળે અથવા આપના પુરોહિતનો સંપર્ક સાધી વ્યવસ્થા કરાવી શકો છો.) નોંધ : ઉપરોક્ત તથા અન્ય કોઇપણ પ્રકારની વ્યવસ્થા માટે સમિતિ જવાબદાર રહેશે નહિ.

૯. યાત્રીઓએ કુંડ, સરોવર અને નહેરનાં પાણીમાં ઉતરવું નહિ તથા ઘાટ પર બેસીને સ્નાન કરવું નહિ.

૧૦. સંપૂર્ણ વ્રજયાત્રામાં આપશ્રીના સેવ્ય સ્વરૂપ શ્રી..પધારશે અને સંપૂર્ણ યાત્રા દરમ્યાન શ્રી..પ્રભુના વિવિધ અલૌકિક મનોરથ સિદ્ધ થશે.

૧૧. વ્રજમંડળ આધિદૈવિક સ્થાન હોવાથી ક્યાંય ગંદકી કરવી નહી, જે તે તીર્થ સ્થાનોની મર્યાદાઓનું ચોક્કસપણે પાલન કરવું. દરેક યાત્રીઓએ યાત્રા દરમ્યાન સ્વચ્છતા જાળવવાનો આગ્રહ રાખવો. તેમજ યાત્રા દરમ્યાન વૈષ્ણવોએ દીનતા, સત્સંગનો આગ્રહ તથા પરસ્પર સહકારની ભાવના રાખવી. ક્રોધ, ઈર્ષા, ઝઘડા જેવા દુર્ગુણોનો ત્યાગ કરવો.

૧૨. શ્રી બેઠકજીમાં અપરસ કરીને કોરા વસ્ત્ર (ઉપયોગમાં ન લીધા હોય તેવા) અથવા તો રેશમી વસ્ત્રનો ઉપયોગ કરવો. ભાઈઓએ ધોતી-બંડી તથા બહેનોએ સાડી પહેરવી. શ્રી બેઠકજીમાં ભોગ ધરવા માટે મીશ્રી તથા મેવો સામગ્રી સાથે લાવવા.જે તે બેઠકજીઓના નિયમોનું અનુસરણ કરવું.

૧૩. તા. ૨૫/૦૯/૨૦૨૩ સોમવારના રોજ મથુરા મુકામે શ્રી યમુનાજીનો કુનવારો તથા તા. ૨૬/૦૯/૨૦૨૩ને મંગળવારના રોજ શ્રીયમુનાજીનો ચુંદડી મનોરથ થશે. તેમજ તા.૨૬/૧૦/૨૦૨૩ ગુરૂવારના રોજ શ્રીયમુનાજીનો કુનવારો ગોકુલ મુકામે થશે.

૧૪. શ્રી ગિરિરાજજી પ્રભુનો કુનવારો તા. ૦૪/૧૦/૨૦૨૩ને બુધવારના રોજ થશે.

૧૫. શ્રીરાજાધિરાજ દ્વારકાધીશપ્રભુનો છપ્પનભોગ મહામહોત્સવ તા. ૨૯/૧૦/૨૦૨૩ને રવિવારના રોજ મથુરા થશે.

૧૬. સંપૂર્ણ વ્રજયાત્રાના મનોરથી, વ્રજયાત્રાના સહ મનોરથી તેમજ શ્રી...પ્રભુના વિવિધ મનોરથોના મનોરથી,શ્રી યમુનાજીના મનોરથોના મનોરથી તથા ઉત્સવ કે શ્રી.. બેઠકજી તપેલી મનોરથના મનોરથી, શ્રીવલ્લભકુળના તપેલીના મનોરથી બનવાનું સકલ વૈષ્ણવો સૃષ્ટિ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકશો. વ્રજયાત્રા દરમ્યાન જેમનો જન્મદિવસ,લગ્નદિવસ કે અન્ય શુભ દિવસ આવતો હોય તેઓ પણ મનોરથી બની પોતાના શુભદિનને અલૌકિક અવસરમાં બદલી શકે છે. તે બાબતે પૂજ્ય મહારાજશ્રીનો તથા વ્રજદર્શન સમિતિના સંપર્ક સુત્રનો સંપર્ક કરવો.

<u>**નોંધ**</u> : (૧) તપેલી નોંધાવનાર મનોરથીએ નામ, મો.નંબર તેમજ પાલ નંબર કાર્યાલયમાં સમિતિને નોંધાવવો.

(૨) વ્રજયાત્રામાં સહભાગી થનાર અથવા તો કોઇ કારણસર યાત્રામાં ન જોડાઇ શકે તેવા દરેક વૈષ્ણવો આ અલૌકિક વ્રજયાત્રામાં થનાર ઉપરોક્ત મનોરથની સેવા નોંધાવી પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકશે.

૧૭. જે વૈષ્ણવોએ પોતાના પાલમાં પૂજ્ય મહારાજશ્રીની પધરામણી કરાવવી હોય તેઓએ અગાઉથી કાર્યાલયમાં સમિતિનો સંપર્ક કરી પોતાનું નામ,મો.નંબર તેમજ પાલ નંબર અવશ્ય નોંધાવી લેવું.

૧૮. સમગ્ર વ્રજયાત્રા દરમિયાન વ્રજપરિક્રમામાં શ્રી... પ્રભુના લીલાસ્થળોના પ્રસંગ અનુરૂપ પ્રવચન, સત્સંગ તથા અલૌકિક મનોરથોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. વ્રજયાત્રામાં સહભાગી બની વ્રજમંડળની અલૌકિક મહિમાને આત્મસાત કરવા તથા બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શનો લાભ લેવા વ્રજદર્શન સમિતિ દ્વારા હૃદય પૂર્વક સ્વાગત છે.

<u>**વિશેષ નોંધ**</u> : શ્રી વ્રજદર્શન સમિતિ દ્વારા નિર્ધારિત કાર્યક્રમો સિવાય યાત્રીઓએ પોતાની રીતે મનસ્વીપણે ગોઠવેલ કાર્યક્રમો સાથે સમિતિ સંમત થશે નહિ. અને આવા કાર્યક્રમોની જવાબદારી સમિતિની રહેશે નહિ. નિર્ધારિત કાર્યક્રમો સિવાય કોઇએ પોતાની રીતે યાત્રા દરમ્યાન કોઇ પણ પ્રકારના આયોજન કરવા નહીં.

૧૯. વ્રજયાત્રામાં દરેક વૈષ્ણવોએ સવારમાં યાત્રા પ્રારંભ કરતા પહેલા હરિ-ગુરૂના દંડવત કરી યાત્રા પ્રારંભ કરવો. પૂજ્ય આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે ચાલવું જોડે રહેવું તથા કોઇની વાતમાં આવીને પોતાનો વિવેક ચુકવો નહિં.

૨૦. સંપૂર્ણ વ્રજયાત્રા દરમ્યાન વ્રજયાત્રીઓએ સરકારશ્રીના આદેશાનુસાર કોઇપણ મહામારીના કાયદાનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.તેમજ કાર્યાલયમાંથી આપવામાં આવેલ સૂચનાઓનું વ્રજયાત્રીઓએ પાલન કરવાનું રહેશે.

૨૧. વ્રજયાત્રામાં લાઇનદોરીના યાત્રીને કોઇપણ જાતની મુશ્કેલી હોય તો કાર્યાલયમાં સમિતિનો સંપર્ક કરવો.

<u>**અન્ય સુવિધા**</u> : યાત્રીઓને જેમકે એકસ્ટ્રા પંખા, પટ્ટા, પાણીના જગ વિગેરે માટે અગાઉથી જાણ કરવાની રહેશે, જેની ન્યોછાવર અલગથી ઠેકેદારને આપવાની રહેશે. જેની જવાબદારી સમિતિની રહેશે નહિ.

<u>**અગત્યની નોંધ**</u> : યાત્રા દરમ્યાન કોઇપણ મનોરથ, સ્થળ, મુકામ કે કોઇપણ પ્રકારનો પરિવર્તનનો હક્ક ફક્ત મહારાજશ્રીનો રહેશે. આપશ્રીની આજ્ઞા સર્વે યાત્રીઓએ માન્ય રાખવાની રહેશે. દેશકાલ પરિસ્થિતિને આધીન ઉચિત નિર્ણય લેવામાં આવશે. તેમજ દરેક યાત્રીએ યાત્રામાં પ્રપંચની વિસ્મૃતિ કરવા માટેજ ભગવદ્ધામ પસંદ કર્યુ છે. એવુ વિચાર રાખી વાણીદોષ,વિચારદોષ તથા અન્ય પ્રકારના ભગવદ્ અપરાધો થી બચવાનો પ્રયત્ન કરવો.

॥ શ્રી હરિઃ ॥

# વ્રજયાત્રા દરમ્યાન થનારા શ્રી..પ્રભુના વિવિધ મનોરથો

| | શ્રી...પ્રભુના મનોરથો | ન્યોછાવર |
|---|---|---|
| (૧) | પ્રત્યેક બેઠકજી પર તપેલી મનોરથ (૧-તપેલીના) | ૨૫,૦૦૦/- |
| (૨) | મથુરામાં શ્રી યમુનેમહારાણીમાં નો ચુંદડી મનોરથ | ૩,૫૧,૦૦૦/- |
| (૩) | મથુરામાં શ્રી યમુનેમહારાણીમાં નો કુનવારા મનોરથ | ૫,૦૦,૦૦૦/- |
| (૪) | શાંતનકુંડમાં શ્રી..પ્રભુના દ્વાદશ નિકુંજનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૫) | બહુલાવનમાં શ્રી..પ્રભુના ગૌચારણનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૬) | શ્રીગિરિરાજજી પ્રભુનું પુજન | ૧,૫૧,૦૦૦/- |
| (૮) | શ્રી ગિરિરાજજીપ્રભુના કુનવારાનો મનોરથ | ૫,૦૦,૦૦૦/- |
| (૯) | જતીપુરામાં શ્રી..પ્રભુના છાકનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૧૦) | જતીપુરામાં દાનઘાટી દાનનો મનોરથ | ૭૫,૦૦૦/- |
| (૧૧) | કામવનમાં શ્રી..પ્રભુના છાકનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૧૨) | કામવનમાં શ્રી..પ્રભુનો દાનનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૧૩) | બરસાનામાં શ્યામ સગાઈનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૧૪) | બરસાનામાં સાંકરીખોર માં દાનનો મનોરથ | ૭૫,૦૦૦/- |
| (૧૫) | સાંકરીખોરના રાસનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૧૬) | બરસાનામાં વિવાહનો મહા મનોરથ (કન્યા પક્ષ) | ૨,૫૧,૦૦૦/- |
| (૧૭) | બરસાનામા વિવાહનો મહા મનોરથ (વર પક્ષ) | ૧,૫૧,૦૦૦/- |
| (૧૮) | નંદગામમાં શ્રી નંદમહેલ નંદમહોત્સવનો મનોરથ | ૧,૫૧,૦૦૦/- |
| (૧૯) | નંદગામમાં પાલ ઉપર શ્રી..પ્રભુનો નંદ મહોત્સવ | ૫૧,૦૦૦/- |
| (૨૦) | નંદગાવમાં ઉદ્ધવક્યારીનો રાસ | ૭૫,૦૦૦/- |
| (૨૧) | શ્રી..પ્રભુના બગીચાનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૨૨) | ચીરઘાટ પર ચીરહરણ લીલાનો મનોરથ | ૭૫,૦૦૦/- |
| (૨૩) | બેલવનમાં ખીચડી ખેલનો મનોરથ | ૫,૦૦,૦૦૦/- |
| (૨૪) | શ્રીદાઉજીનો હાંડાનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૨૫) | ગોકુળમાં શ્રીઠકરાણી ઘાટ પર શ્રીયમુનાજીનું પુજન તેમજ કુનવારો | ૫,૦૦,૦૦૦/- |
| (૨૬) | શ્રી યમુના પુલીનનો મનોરથ | ૫૧,૦૦૦/- |
| (૨૭) | શ્રી ..પ્રભુના ફુલના હિંડોળાનો મનોરથ | ૫૧,૦૦૦/- |



**નોંધ :** આધિદૈવિક વ્રજયાત્રા દરમ્યાન શ્રીવ્રજાના પ્રભુને લાડ લડાવતા ઉપરોક્ત વિવિધ અલૌકિક મનોરથોનું આયોજન કરવામાં આવ્યું છે તે સાથે શ્રી..પ્રભુના નિત્ય મંગલભોગ, રાજભોગ, શયનભોગ, તેમજ દૂધ સેવા/સુકા મેવાની સેવા/ઘી ની સેવા/ખાંડની સેવા/બેસનની સેવા તેમજ બ્રહ્મભોજન, સમસ્ત યાત્રા વૈષ્ણવ મહાપ્રસાદ જેવી અનેક વિવિધ સેવાઓમાં સહયોગ આપી વિરલ સૌભાગ્ય પ્રાપ્ત કરી ધન્યતાની અનુભુતીનો લાભ મેળવો.

**નોંધ :** જે વૈષ્ણવો ઈચ્છા હોવા છતાં યાત્રામાં જોડાઇ ન શકે તેઓ ઉપરોક્ત સેવા કરીને પણ પોતાના મનની ઈચ્છા અને ભાવનાઓને સંતૃપ્ત કરી શકે છે. વ્રજમાં પ્રભુ એમની યત્કિંચિત સેવાને સ્વીકારી જીવનું કલ્યાણ કરશે.

**A/C Name:** SHREE RAJIV LOCHAN MEMORIAL TRUST
SHREE VRAJDARSHAN SAMITI
**A/C No.:** 250320110000323 • **IFSC CODE:** BKID0002503
**Bank Name & Branch:** BANK OF INDIA, R.V. Desai Road, Vadodara, Gujarat - 390004.
*(Subject to Cheque Realisation and Comfirmation from Bank)*
બેંક ટ્રાન્ઝેકશનની સંપૂર્ણ વિગત સમિતિ કાર્યાલયને આપવાની રહેશે.

**આ માટે વધુ વિગત મેળવવા તથા મનોરથ સેવા નોંધાવવા માટે નીચે મુજબ કાર્યાલયનો સંપર્ક કરવો**


**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી બેઠક મંદિર**
કેવડાબાગ, મદનઝાંપા રોડ,
વડોદરા–૩૯૦૦૦૧
મો.9265233533
ફોન : 0265/2435543.

**શ્રી વ્રજદર્શન સમિતિ**
**શ્રી રાજીવલોચન મેમોરીયલ ટ્રસ્ટ**
**શ્રી દ્વારકાધીશ સુખધામ**
એડી/૧,વસુંધરા સોસાયટી,
ઉમાચાર રસ્તા,વાઘોડિયા રોડ,
વડોદરા–૧૯. મો.8401424933
ફોન : 0265/2524452,2524344.

E-mail: vrajdarshan2023@gmail.com